દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

મંગળવાર ૨ જૂન, ૨૦૨૬

# ચીનની પ્રચંડ લશ્કરી તૈયારીઓ અમેરિકા માટે પડકારરૂપ છે

ચીન છેલ્લા અનેક વર્ષોથી પોતાના લશ્કરને વધુને વધુ મજબૂત બનાવી રહ્યું છે તે બાબત હવે ખૂબ જાણીતી છે. આમાં પણ ખાસ કરીને છેલ્લા એક દાયકામાં તો તેની લશ્કરી તાકાત પ્રચંડ થઇ ગઇ છે. ચીન કેટલી હદે લશ્કરી સજ્જતા કેળવી રહ્યું છે તે બાબતને ઉજાગર કરતો એક વધુ અહેવાલ હાલમાં બહાર આવ્યો છે. સેટેલાઇટ ઈમેજરીના આધારે સમાચાર એજન્સી રોઇટર્સ દ્વારા કરવામાં આવેલા અહેવાલ અનુસાર, ચીન તેના દૂરના ઉત્તર-પશ્ચિમી રણમાં લોન્ચ પેડ્સ, કિલ્લેબંધીવાળી સુવિધાઓ અને સંચાર માળખાકીય સુવિધાઓનું એક વ્યાપક નેટવર્ક બનાવી રહ્યું છે. અમેરિકાના એક સંશોધકે આ પ્રવૃત્તિને બેઇજિંગના પરમાણુ દળોની ટકી રહેવાની ક્ષમતાને મજબૂત કરવા માટેનો પહેલાં ક્યારેય ન જોયેલો પ્રયાસ ગણાવ્યો છે. એટલે કે અગાઉ કોઇ સ્થળે આવી પ્રચંડ લશ્કરી સજ્જતાની તૈયારી જોવા મળી નથી. આ બાંધકામ પ્રવૃત્તિ ચીનના શિન્જિયાંગ અને ગાન્સુમાં આવેલા વ્યૂહાત્મક મિસાઇલ ક્ષેત્રોની આસપાસ કેન્દ્રિત છે, જ્યાં દેશની કેટલીક સૌથી લાંબી અંતરની ઇન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઇલો (ICBMs) તૈનાત છે. સુરક્ષા નિષ્ણાતોએ જણાવ્યું હતું કે આ નવી માળખાકીય સુવિધાઓનું સ્તર અને ડિઝાઇન એ દર્શાવે છે કે ચીનનો આ એક એવો સંકલિત પ્રયાસ છે જેનાથી તેનો પરમાણુ શસ્ત્રાગાર સંભવિત પ્રથમ હુમલાનો સામનો કરી શકે અને વળતો પ્રહાર કરવાની ક્ષમતા જાળવી રાખે.

આ વિકાસ એવા સમયે સામે આવ્યો છે જ્યારે ખાસ કરીને તાઇવાનને લઈને વ્યાપક ભૂરાજકીય તણાવ વચ્ચે ચીન અને અમેરિકા વચ્ચે પરમાણુ સ્પર્ધા વધુ તીવ્ર બની રહી છે. રોઇટર્સ દ્વારા જાહેર કરવામાં આવેલી સેટેલાઇટ છબીઓ દર્શાવે છે કે ચીને શિન્જિયાંગમાં હામી ન્યુક્લિયર સિલો ફીલ્ડની નજીક 80 થી વધુ કોંક્રિટ લોન્ચ પેડ્સ અને ત્રણ મોટા અષ્ટકોણ આકારના સૈન્ય સ્થાપનો બનાવ્યા છે. આ છબીઓનું પરીક્ષણ કરનારા વિશ્લેષકોએ જણાવ્યું હતું કે આ સુવિધાઓ મોબાઇલ મિસાઇલ તૈનાતી, હવાઈ સંરક્ષણ કામગીરી, ઇલેક્ટ્રોનિક યુદ્ધ, સેટેલાઇટ સંચાર અને કમાન્ડ-એન્ડ-કંટ્રોલ પ્રવૃત્તિઓ સહિત લશ્કરી કાર્યોની શ્રેણીને સપોર્ટ કરવા માટે ડિઝાઇન કરવામાં આવી હોય તેવું લાગે છે. નવું ઓળખાયેલું બાંધકામ હાલના સિલો સંકુલની બહાર હજારો ચોરસ કિલોમીટરના રણ વિસ્તારમાં ફેલાયેલું છે. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે આ નેટવર્ક ચીનના જમીન આધારિત પરમાણુ દળોને સુરક્ષિત રાખવા અને ચલાવવા માટેના કિલ્લેબંધીવાળા લશ્કરી માળખાના નોંધપાત્ર વિસ્તરણને દર્શાવે છે. વિશ્લેષકોના જણાવ્યા અનુસાર, આ અસંખ્ય લોન્ચ પેડ્સ મોબાઇલ મિસાઇલ લોન્ચર્સ, એર-ડિફેન્સ બેટરીઓ અથવા ઇલેક્ટ્રોનિક વોરફેર સિસ્ટમ્સને સપોર્ટ કરી શકે છે. રણમાં તેમની વિખરાયેલી સ્થિતિ સંઘર્ષ દરમિયાન તેમને નિશાન બનાવવાનું વધુ મુશ્કેલ બનાવશે અને ચીનના પરમાણુ દળોને નિષ્ક્રિય કરવાના વિરોધીઓના પ્રયાસોને જટિલ બનાવી શકે છે. વિશ્લેષકો આ બાંધકામને ચીનની સેકન્ડ-સ્ટ્રાઈક ક્ષમતાને મજબૂત કરવાના વ્યાપક પ્રયાસના ભાગરૂપે જુએ છે, જે દુશ્મનના હુમલાને સહન કર્યા પછી વળતો પરમાણુ હુમલો કરવાની ક્ષમતા છે. બેઇજિંગે લાંબા સમયથી લઘુત્તમ અવરોધની નીતિ જાળવી રાખી છે, તે એવી દલીલ કરી છે કે તેને માત્ર હુમલાની સ્થિતિમાં વળતો પ્રહાર સુનિશ્ચિત કરવા માટે પૂરતા પરમાણુ દળોની જરૂર છે. ચીન સત્તાવાર રીતે પહેલા હુમલો નહીં કરવાના સિદ્ધાંતને પણ વળગી રહે છે, જે અંતર્ગત તે પરમાણુ સંઘર્ષની શરૂઆત ન કરવાની પ્રતિજ્ઞા લે છે. જો કે, ચીનના ઝડપથી વિસ્તરી રહેલા પરમાણુ માળખાએ વિદેશી સરકારો અને શસ્ત્ર-નિયંત્રણ નિષ્ણાતોનું ધ્યાન ખેંચ્યું છે. કેટલાક પશ્ચિમી રાજદ્વારીઓ અને વિશ્લેષકોએ બેઇજિંગના પરમાણુ આધુનિકીકરણ કાર્યક્રમ અને તેના ભાવિ વ્યૂહાત્મક ઇરાદાઓની આસપાસ પારદર્શિતાના અભાવ અંગે ચિંતા વ્યક્ત કરી છે. ચીન ભલે પહેલા હુમલો નહીં કરવાની નીતિ પોતે ધરાવતું હોવાની વાત કરતું હોય પરંતુ તેનું વર્તન જોતા નિષ્ણાતોને તેની વાત પર ભરોસો નહીં થાય તે સ્વાભાવિક છે.

તાઇવાનને લઈને તણાવ સતત વધી રહ્યો હોવાથી આ મુદ્દાનું મહત્વ વધુ વધી ગયું છે. ચીન તાઇવાનને પોતાના પ્રદેશનો એક ભાગ માને છે, જ્યારે ટાપુની સરકાર બેઇજિંગના સાર્વભૌમત્વના દાવાઓને નકારે છે. આ મહિનાની શરૂઆતમાં, ચીનના પ્રમુખ શી જિનપિંગે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ચેતવણી આપી હતી કે તાઇવાન અંગેના વિવાદોને યોગ્ય રીતે ન સંભાળવાથી દ્વિપક્ષીય સંબંધો ખતરનાક સ્થિતિ તરફ ધકેલાઈ શકે છે. આ નવા નેટવર્કના કેન્દ્રમાં પૂર્વ શિન્જિયાંગમાં છેલ્લા છ વર્ષમાં બનાવવામાં આવેલી બે મોટી અષ્ટકોણ આકારની સૈન્ય સુવિધાઓ છે. એક હામી સિલો ફીલ્ડથી આશરે 140 કિલોમીટર દક્ષિણ-પશ્ચિમમાં આવેલી છે, જ્યારે બીજી સુવિધા લગભગ 230 કિલોમીટર દૂર સ્થિત છે. સેટેલાઇટ છબીઓ દર્શાવે છે કે બંને સંકુલમાં રહેવાની સુવિધાઓ, મોટા લશ્કરી વાહનો માટેનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વ્યાપક સુરક્ષા સુવિધાઓ છે. આ સાઇટ્સ બખ્તરબંધ બંકરો, કિલ્લેબંધીવાળા સ્ટોરેજ વિસ્તારો, એરફિલ્ડ્સ અને રેલ કનેક્શનથી ઘેરાયેલી છે જે તેમને નજીકના મિસાઇલ ક્ષેત્રો સાથે જોડે છે. આ બાબતો સૂચવે છે કે કેવી પ્રચંડ તૈયારી ચીને કરી છે અને તેની આ તૈયારીઓ અમેરિકાને પડકાર ફેંકી રહી છે.

## ફ્લેટ વેચવો છે

એક યુવાન અને તેની પત્ની નવું ઘર લેવા માટે ફ્લેટ જોતા હતા. ઘણા ફ્લેટ જોયા પણ કંઈ સરસ મળતું ન હતું.એક સરસ ટેરેસ ફ્લેટની છાપાંમાં જાહેરાત વાંચી, જાહેરાતમાં વર્ણન વાંચી લાગ્યું કે તેઓને આવું જ ઘર જોઈએ છે. તેઓ ફ્લેટ જોવા તે જ દિવસે પહોંચી ગયા. ફ્લેટમાં એક લગભગ ૮૦ કે ૮૨ વર્ષનાં બા હતાં અને તેમની એક નોકરાણી, બીજું કોઈ હતું નહિ. યુવાને કહ્યું, ''અમે છાપાની જાહેરાત વાંચી ફ્લેટ જોવા આવ્યા છીએ.પણ જો કોઈ ઘરમાં ન હોય તો પછી આવીશું.'' ત્યાં બા બોલ્યાં, ''અરે આવો આવો, અહીં સુધી આવ્યા છો તો ફ્લેટ તો જોઈ લો.'' યુવાન અને તેની પત્ની ચાલો સાવ ધક્કો ન થયો એમ વિચારી ફ્લેટમાં અંદર ગયા. ફ્લેટ બહુ જ સરસ, સાફ, સુઘડ હતો.ટેરેસ ગાર્ડન અને ઝૂલો પણ મનમોહક હતાં.યુવાન અને તેની પત્નીને ફ્લેટ ઘણો ગમી ગયો પણ મનમાં મૂંઝાતાં હતાં કે હવે ફ્લેટ માટે આ બા સાથે શું વાત કરીએ? યુવાને ધીમેથી કહ્યું, ''બા, ફ્લેટ માટે કોની સાથે વાત કરવાની છે તે કહો અને ફોન નંબર આપો.'' બા હસતાં હસતાં બોલ્યાં, ''અરે બેટા, બેસ તો ખરો, ફ્લેટ માટે વાતો થતી રહેશે. પહેલાં ચા નાસ્તો તો કરો.'' આટલું કહીને બા એ પોતાની નોકરાણીને ચા બિસ્કીટ, બટાટાપૌંઆ વગેરે લાવવાનું

**ચાર્જિંગ પોઈન્ટ**
**હેતા ભૂષણ**

કહ્યું.નોકરાણી ચા નાસ્તો લાવી અને ચા નાસ્તો કરતાં કરતાં બા ઘણી ઘણી વાતો કરવા લાગ્યાં. પોતાની જવાનીની વાતોથી લઈને યુવાન શું કામ કરે છે અને લવમેરેજ છે કે અરેંજ મેરેજ, બાળકો છે કે નહિ એવું ઘણું ઘણું પૂછ્યું...વાતો કરતાં કરતાં બે કલાક વીતી ગયા. યુવાન અને તેની પત્ની ઊઠ્યાં, બા એ ફરી મળવા આવજો કહ્યું અને બે બોક્સ ચોકલેટ ગીફ્ટમાં આપી.યુવાન અને તેની પત્નીને બા બહુ પ્રેમાળ લાગ્યાં અને ફ્લેટ પણ બહુ ગમી ગયો હતો. તેમણે કહ્યું, ''આવતી કાલે ફ્લેટ વિષે વાતચીત કરવા આવીએ?'' બા એ કહ્યું, ''ના ના, કાલે કોઈ નહીં મળે. હું ફોન કરીશ પછી આવજો.'' યુવાને હા પાડી,પણ મનમાં ડર હતો કે કોઈ બીજું આટલા સરસ ફ્લેટનો સોદો કરી ન જાય.જતાં જતાં તેણે નીચે વોચમેનને કહ્યું, ''આ ફ્લેટ અમે ખરીદવાનાં છીએ સોસાયટી કેવી છે, લોકો કેવા છે?'' યુવાનની વાત સાંભળી ચોકીદાર હસવા લાગ્યો અને બોલ્યો, ''બા એ બે ચોકલેટ બોક્સ આપ્યા?'' યુવાને કહ્યું, ''હા..'' ચોકીદાર બોલ્યો, ''બસ એમાં જ રાજી રહો ...આ ફ્લેટ બા વેચવાનાં નથી પણ કોઈ ને કોઈ છાપામાં જાહેરાત આપે છે અને જે ફ્લેટ જોવા આવે તેમની સાથે લાંબી લાંબી વાતો કરી આનંદ મેળવે છે કારણ કે ત્રણે બાળકો વિદેશમાં છે. અહીં તેમનું કોઈ નથી. સાવ એકલાં છે!'' યુવાન અને તેની પત્ની આ વાત સાંભળી ચોંકી ઊઠ્યાં.યુવાનને દુ:ખ થયું. તે બા પાસે ફરી ગયો અને કહ્યું, ''બા ફ્લેટ ન વેચો તો સારું, હું આજથી તમારો દીકરો છું. રોજ નહિ પણ દર અઠવાડીએ મળવા અને ચોકલેટ ખાવા આવીશ.'' બા તેને ભેટી પડ્યાં. તમારી આજુબાજુ કોઈ એકલા વૃદ્ધજન રહેતાં હોય તો ચોક્કસ સમય કાઢી તેમને બે ઘડી મળવા જજો.

# વાલીઓ પર મોંઘવારીનો વધુ એક ડામ!

જૂન મહિનાની શરૂઆત સાથે જ રાજ્યભરમાં નવું શૈક્ષણિક સત્ર (૨૦૨૬-૨૭) શરૂ થવા જઈ રહ્યું છે. વેકેશન પૂરું થવાના આરે છે ત્યારે વાલીઓ પોતાના બાળકોના સ્કૂલ યુનિફોર્મ, પુસ્તકો, સ્ટેશનરી અને સ્કૂલ ફીના બજેટ ગોઠવવામાં વ્યસ્ત છે. પરંતુ, આ વર્ષે શાળાઓ ખૂલે તે પહેલાં જ મધ્યમ અને નોકરિયાત વર્ગના વાલીઓની કમર તોડતો વધુ એક મોંઘવારીનો ડામ વાહન ભાડાના સ્વરૂપમાં વાગ્યો છે. અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ જેવા રાજ્યના અગ્રણી મહાનગરોમાં સ્કૂલ વાન અને રિક્ષા એસોસિએશનો દ્વારા માસિક ભાડામાં અંદાજે ૧૦% સુધીનો સીધો વધારો ઝીંકી દેવામાં આવ્યો છે, જેને કારણે વાલીઓમાં ભારે આક્રોશ અને ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

છેલ્લા કેટલાક સમયથી સ્પેરપાર્ટ્સના ભાવ, ટાયરના ખર્ચ, વાહનોના મેઈન્ટેનન્સ અને વીમા પ્રીમિયમમાં થયેલા સતત વધારાને આગળ ધરીને સ્કૂલ ટ્રાન્સપોર્ટ એસોસિએશનો દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ વધારા બાદ વાલીઓના માસિક બજેટ ખોરવાઈ ગયા છે.

નવા ભાડાના માળખા અનુસાર, જો કોઈ બાળક ઘરથી શાળા સુધીનું ૨ થી ૩ કિલોમીટરનું અંતર કાપતું હોય, તો અગાઉ રિક્ષાનું માસિક ભાડું જે રૂ. ૧૨૦૦ થી ૧૫૦૦ ની આસપાસ હતું, તે હવે વધીને રૂ. ૧૪૦૦ થી ૧૭૦૦ થઈ જશે. તેવી જ રીતે, સ્કૂલ વાન કે ઈકો ગાડીઓનું ભાડું જે પહેલાં રૂ. ૧૮૦૦ થી ૨૨૦૦ ની વચ્ચે હતું, તે હવે વધીને રૂ. ૨૦૦૦ થી ૨૪૦૦ સુધી પહોંચી ગયું છે. જો એક જ ઘરમાંથી બે બાળકો શાળાએ જતાં હોય, તો વાલીઓએ માત્ર ટ્રાન્સપોર્ટેશન પાછળ જ દર મહિને રૂ. ૪,૦૦૦ થી ૫,૦૦૦ નો મોટો ખર્ચ કરવો પડશે.

બીજી તરફ, સ્કૂલ વાન અને રિક્ષા ચાલક એસોસિએશનો પોતાની મજબૂરી રજૂ કરી રહ્યા છે. ચાલકોનું કહેવું છે કે આ વધારો સ્વેચ્છિક કે નફાખોરી માટે નથી, પરંતુ બદલાયેલા આર્થિક સમીકરણોનું પરિણામ છે.

**આ ભાડા વધારા વચ્ચે વાલીઓની સૌથી મોટી માગ એ છે કે જો તેઓ પૂરતા પૈસા ચૂકવી રહ્યા હોય, તો તેમના બાળકોની સુરક્ષાની ગેરંટી પણ મળવી જોઈએ**

મેઈન્ટેનન્સ ખર્ચમાં વધારો જેવો કે, લ્યુબ્રિકન્ટ્સ, એન્જિન ઓઈલ અને ટાયરોના ભાવમાં ગત વર્ષની સરખામણીએ નોંધપાત્ર વધારો થયો છે અને ફિટનેસ અને ઈન્સ્યોરન્સ કોમર્શિયલ વાહનોના પાસિંગ, આરટીઓ ટેક્સ અને થર્ડ-પાર્ટી ઈન્સ્યોરન્સના દરો વધ્યા છે.

હાઈકોર્ટ અને આરટીઓની કડક સૂચના બાદ, હવે વાહનોમાં ઘેટા-બકરાની જેમ બાળકોને ભરી શકાતા નથી. તે સારી વાત છે. પરમિટ મુજબ જ બાળકો બેસાડવાના હોવાથી વાહન ચાલકોની માથાદીઠ આવક ઘટી છે, જેની ભરપાઈ કરવા ભાડું વધારવું અનિવાર્ય બન્યું છે.

સુરતના અડાજણ વિસ્તારમાં રહેતા અને ટેક્સટાઈલ માર્કેટમાં નોકરી કરતા એક મધ્યમવર્ગીય વાલીએ પોતાનો બળાપો ઠાલવતા જણાવ્યું કે, “દર વર્ષે સ્કૂલની ફીમાં ૮ થી ૧૦ ટકાનો વધારો થાય જ છે. આ વર્ષે પુસ્તકો અને સ્ટેશનરી પણ મોંઘા થયા છે. હવે સ્કૂલ વાનવાળાએ પણ રૂ. ૨૦૦ વધારી દીધા. મારી બે દીકરીઓ શાળાએ જાય છે, એટલે સીધો દર મહિને રૂ. ૪૦૦ નો વધારાનો ફટકો પડ્યો છે. પગાર એ જ રહે છે અને ખર્ચ રોકેટ ગતિએ વધે છે.”

અમદાવાદના સેટેલાઈટ વિસ્તારના એક વાલીએ જણાવ્યું કે, શાળાઓ પોતાની બસોના તોતિંગ ભાડા વસૂલે છે, જેને કારણે મધ્યમ વર્ગ ખાનગી વાન કે રિક્ષાનો સહારો લે છે. હવે જો ખાનગી વાહનો પણ આટલા મોંઘા થશે, તો બાળકોને ભણાવવા કેમ?

આ ભાડા વધારા વચ્ચે વાલીઓની સૌથી મોટી માગ એ છે કે જો તેઓ પૂરતા પૈસા ચૂકવી રહ્યા હોય, તો તેમના બાળકોની સુરક્ષાની ગેરંટી પણ મળવી જોઈએ.

નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે જ આરટીઓ અને ટ્રાફિક પોલીસ દ્વારા સ્કૂલ વાહનોના ચેકિંગ માટે વિશેષ ડ્રાઈવ ચલાવવામાં આવે છે. વાલીઓ ઈચ્છે છે કે તંત્ર માત્ર કાગળો કે નિયમો તપાસવા પૂરતું સીમિત ન રહે, પરંતુ ખાનગી વાહન ચાલકો દ્વારા ઉઘાડી લૂંટ ન ચલાવાય તે માટે એક ચોક્કસ ‘ભાડા નિયમન સમિતિ’ અથવા ગાઈડલાઈન બનાવે. શિક્ષણ વિભાગ અને પરિવહન વિભાગ સંયુક્ત રીતે આ બાબતે હસ્તક્ષેપ કરે તેવી લોકમાગ પ્રબળ બની છે.

શિક્ષણ એ આજના સમયની પ્રાથમિક જરૂરિયાત છે, પરંતુ મોંઘી ફી બાદ હવે મોંઘું પરિવહન મધ્યમ વર્ગના વાલીઓ માટે ‘કરે તો શું કરે’ જેવી સ્થિતિ સર્જી રહ્યું છે. આ મામલે સરકાર, શાળા સંચાલકો અને વાહન એસોસિએશનો વચ્ચે યોગ્ય સમન્વય સધાય તે અત્યંત જરૂરી છે, જેથી બાળકોનું શિક્ષણ મોંઘવારીના પૈડા નીચે કચડાઈ ન જાય.

# પાણીપુરી ઝાલમુરીની કુળદેવી છે..?

બંગાળી ‘ઝાલમુરી’ની ઝાકમઝોળ એટલી વધી ગઈ કે, મગજમાં પણ હવે તો ઝાલમુરી ‘બ્રાંડ’ વંટોળ ફૂંકાય છે બોસ..! પૂછવું તો ના જોઈએ, પણ આવી ‘ઈફેક્ટ’ ઘણાને થતી હશે, ત્યાં સુધી કે, ઘડિયાળમાં ટકોરા પડે તો, તે પણ ‘ઝાલમુરી’ બોલતા હોય એવું લાગે..! (વધારે પડતું લખી નાંખ્યું ને..?) બંગાળમાં ચૂંટણી શું આવી ને ઝાલમુરીનાં તેવર શું બદલાયા..? પૃથ્વીના પટ ઉપર કોઈ ‘ઝાલમુરીદેવી’ પ્રગટ થઈ હોય એમ હાહાકાર કરી નાંખ્યો..! એવી પણ અફવા ફેલાઈ કે, બંગાળની સલ્તનત બદલાઈ એમાં ઝાલમુરીનો હાથ છે, ખરું કે ખોટું એ તો જાણે મારો ભગો દાજી..! ખાખણી તો એવી આવે કે, ઝાંપાબજારમાં મળતી હોય તો ઝાપટી આવીએ. પણ બંગાળ સિવાય મળે નહિ. ઘડીક તો એમ પણ થાય કે, એકાદ છોકરું સ્ટોકમાં હોત તો કેવું સારું..? ઝાલમુરી ઝાપટવા એકાદ વેવાઈ બંગાળમાં તો હોત..? એની જાતને ‘ઝાલમુરી’ માંડ શાંત પડી ત્યાં હવે, ‘મેલોડી’ ગાજી..! શેર-માર્કેટ, ઊંચું જાય કે નીચું, નિફ્ટી ચીપ્ટીમાં આવે કે ફિફ્ટીમાં, પણ એક વાત છે, મેલોડી ને ઝાલમુરીના અચ્છે દિન આવી ગયા. તમે ગમે એટલા અધિક માસના ઉપવાસ કે, પૂજા-પાઠ કરો, પણ એના જેટલા રાતોરાત વિખ્યાત નહિ થાવ, ‘Talk of the world’ બની ગયા. કોઈને અણધારેલી લોટરી લાગતાં, રાતોરાત કરોડપતિ થઈ જાય, એમ આ બંને ‘રાતોરાત વિશ્વવિખ્યાત થઈ ગયાં. આપણને કોઈ બળતરા નથી, પણ આ તો એક વાત, કે બંગાળમાં ચૂંટણી શું આવી, ને ઝાલમુરીનો ઉધ્ધાર શું થયો..? ચમનિયાને તો એ વાતે દહેશત છે કે, વિદેશી જમાદારોનાં ધાડાં ઝાલમુરી ઝાપટવા ભારત પણ આવે..! ભરોસો નહિ..! રહ્યો ‘અતિથિ દેવો ભવ’ નો દેશ..! એટલે ઝાલમુરી દર્શન પણ કરાવવાં પડે. એનો પણ વાંધો નહિ, પણ, ચાઈનાનો ડર બહુ લાગે. એટલા માટે કે, નકલ કરવામાં એ પાવરધું. ચીન જઈને ઝાલમુરીની નકલ કરીને ‘ચાંગ-પુરી’ પણ બનાવી દે..! માસ્ટરી છે ને યાર..?

આવી અતિશય વિખ્યાતિ જોઈને ચમનિયો કહે, ‘સાહેબનાં આંટા તો આપણી બાજુ પણ હોય છે. વલસાડનાં ખમણ, હાઈ-વે નું ઊંધિયું ને કેસર કેરી ને અમલસાડના ચીકુ તથા સુરતની ઘારી, સુરતનો લોચો, સુરતનો પોંક, સુરતની સુતરફેણી ને ડુમસનાં ભજીયાંનો પણ આસ્વાદ લેવા જાહેરમાં ‘હસ્ત-સ્પર્શ’ કરતા હોય તો..? અમારા પણ મોભા તો પડે..? મઝાની વાત તો એ કે, બધે ઝાલમુરી-ઝાલમુરી થયું તો ખરું, પણ શરૂ શરૂમાં તો ઝારેલું જ નહિ કે, આ ઝાલમુરી બલા શું છે? આપણે રહ્યા દાળ-ભાત, થેપલા-અથાણા-પાપડના ચરસી..! ભેળપુરી-સેવપુરી-બટાકાપુરી-દહીંપુરી-પાણીપુરી, ઓમપુરી કે અમરીશપુરી પૂરતું જ નોલેજ..! બંગાળની લાડી ને ગુજરાતનો વર તો હોય નહિ, એટલે ઝાલમુરીની કુંડળી સમજાય પણ નહિ ને ઝાલમુરી ખાવા બંગાળ જઈએ તો ‘ભાઠાની ભેંસને ચરવા કરતાં તરવાનું વધારે આવે..!’ તોયે ચમનિયાથી નહિ રહેવાયું. ખાવાની વાત આવે તો, ખાધેલા ઉપર પણ ખાય તેવો. (એને ખાધ ઉપવાસ કહેવાય..!) જ્યારથી ચમનિયાના કાને ઝાલમુરીની ગુંજ પડી, ત્યારથી એ જંપીને બેઠો નથી. ઝાલમુરી શોધવા માટે, કોલંબસ જેટલો પરસેવો પાડ્યો હશે. ઝાલમુરીનો એવો આશિક બની ગયો કે, ફરસાણવાળાને ત્યાં લેવા ગયો તો, ફરસાણવાળો કહે, ‘ભ’ઈઈઈ, ‘ઝારા-ઝારી અમે રાખતા નથી, વાસણ વેચવાવાળાને ત્યાં તપાસ કરો..! ગુગલમાં ચાંચ નાંખી ત્યારે ખબર પડી કે, ‘ઝાલમુરી કોઈ દેવી નથી, ભેળપુરીની જ જાત.! પાણીપુરી, ઝાલમુરીની કુળદેવી થાય..! તંઈઈઈઈ..?

બાકી ચટાકેદાર નાસ્તો એટલે ઝાલમુરી..! એનાં દર્શન થાય એટલે ગમે એવો પ્રતિભાશાળી માણસ પણ ઝાલમુરી ખાવા ખેંચાય. એ માત્ર નાસ્તો નથી, એક અનુભવ છે. ભેળપુરી-સેવપુરી-બટાકાપુરી-દહીંપુરી-પાણીપુરી પણ એનું જ ફરજંદ..! તમે મેળામાં ખોવાઈ ગયેલા બાળકની વાર્તા તો સાંભળેલી ને..? એમ ગુજરાતથી છૂટીને બંગાળમાં ભૂલી પડી ગયેલી એટલે ઝાલમુરી..! આ તો બંગાળની ચૂંટણી આવી, ત્યારે આપણા હાથમાં ઝાલમુરી આવી. જેમ પ્રાંતે પ્રાંતે ભગવાન શ્રીકૃષ્ણનાં નામ અલગ, એમ બંગાળમાં એ ‘ઝાલપુરી’થી વિખ્યાત બનેલી. ઝાલ એટલે તીખું-તમતમતું-મસાલેદાર..! એવું મસાલેદાર કે, ખાવાની ફાવટ ના હોય તો નાકમાંથી ધુમાડા ને આંખ નાકમાંથી ઝરા પણ કાઢે..! મુરી, એટલે મમરા. કાનો-માત્રા-અનુસ્વાર-રસ્વઈ-દીર્ઘઈ વગરના શબ્દ ‘સરસવ’ તેલ સાથે આ બધું ભળે એટલે,

**મંગલ મસ્તી**
**રમેશભાઈ ચાંપાનેરી ‘રસમંજન’**

**શેર-માર્કેટ, ઊંચું જાય કે નીચું, નિફ્ટી ચીપ્ટીમાં આવે કે ફિફ્ટીમાં, પણ એક વાત છે, મેલોડી ને ઝાલમુરીના અચ્છે દિન આવી ગયા**

ચટાકેદાર ઝાલમુરી થાય. એમાં ગુજરાતી એટલે ‘મમરા’ મૂકવામાં તો ભારે પાવરધા..! કોને, કોની સાથે ભેળવવાનું, એ પણ બહુ ફાવે..! (રાજનીતિની વાત નથી હંઅઅકે..?) સ્વાદિષ્ટ લાગે, એને લપેટમાં લઈ લે એનું નામ ગુજરાતી..! બાકી, મને તો આ ‘દહીંવડાં’ ની આઈટમમાં પણ શંકા છે કે, પુરીને તગેડીને દહીં સાથે ‘વડા’ને તો નહિ ભેળવ્યાં હોય..?

પઅઅણ..! એક વાતની નવાઈ લાગી કે, આપણી ભૂલી પડેલી ઝાલમુરી આટલાં વર્ષોથી બંગાળમાં હોવા છતાં, એ ઝાલમુરી જ રહી, ઝાલમુરીનું ‘ઝોલમુરી’ થયું નથી. કારણ કે, બંગાળી બાબુઓ મહદ્ અંશે કાનો માત્રા લગાવીને જ શબ્દોચ્ચાર કરતા હોય..! (જો કે, પત્નીને ‘પોત્નીઓ’ બોલતા સાંભળ્યા નથી..! આ તો એક ગમ્મત..! ) પણ રામાયણકાળમાં ભગવાનશ્રી રામના ચરણસ્પર્શથી શલ્યાની અહલ્યા થયેલી તેવું જ ઝાલમુરીના કિસ્સામાં થયું..! જે હોય તે, આપણે એમાં ઊંડા ઊતરવું નથી. પણ જે દિવસે ઝાલમુરી પ્રકાશમાં આવી, તે જ દિવસે અમારો ચમનિયો પણ મિત્રોમાં ભારે ‘ટ્રોલ’ થયેલો. થયેલું એવું કે, એ જ દિવસે એના ઘરે ૧૪ વરસે પારણું બંધાયું, દીકરીનો જનમ થયો. અમને શું મસ્તી સૂઝી તે અમે વળી ચમનિયા પાસે પાર્ટી માંગવાના થયા. તો ચમનિયો કહે, ‘કયા હરખથી પાર્ટી આપું બોસ..? ભગવાને મારા ઘરે ૧૪ વરસે ‘બેબી’ તો આપ્યું, પણ જરાક અમસ્તું જ આપ્યું..! તારા કપાળમાં કાંદા ફોડું, તો શું ૧૪ વર્ષના હિસાબ સાથે આપે..? છતાં આનંદ એ વાતનો થયો કે, દીકરીનું નામ પણ એણે ‘ઝાલમુરી’ જ રાખ્યું..!

**લાસ્ટ બોલ**

ચમનિયો બંગાળ ગયો
ત્યારે, પહેલું કામ ‘ઝાલમુરી’
ઝાપટવાનું કર્યું.
ઝાલમુરીવાળાને કહે, ‘૧૦
રૂપિયાની એક ઝાલપુરી
આપો..!’
પેલો કહે, ‘દશ રૂપિયામાં
ઝાલમુરી ખાવાના જમાના તો
ગયા સાહેબ..! હવે તો એક
ઝાલમુરીનાં ૧૦૦ રૂ થઇ ગયા.
બોલો આપું..?
૧૦૦ રૂપિયા આપીને ચમનિયાએ
ઝાલમુરી ખાધા પછી,
દુકાનવાળાને કહે, ‘ ભાઈ..
મમરા તો સાવ પોચા હતા.
ચટણીમાં પણ કોઈ ભલેવાર ન
હતો અને લીંબુ તેલ તો સાવ
ઓછું હતું..!
દુકાનવાળો કહે. ‘આખી
ઝાલમુરી ખાઈ ગયા, ત્યાં સુધી
કંઈ નહિ બોલ્યા ને હવે ફરિયાદ
કરવા બેઠા..? પહેલાં કહેવું
જોઈએ ને..?
ચમનિયો કહે, ‘મારે ખાતરી
કરવી હતી કે, છેલ્લે સુધી
આવું જ છે કે, આગળ જતાં
કંઈ સુધારો આવશે એ જોવામાં
ખવાઈ ગઈ..! તારે બીજી
ઝાલમુરી તો વગર પૈસે આપવી
જ પડશે..!
કૌન કહેતા હે ગુજરાતીમેં પાની
નહિ હૈ...!
એના કપાળમાં કાંદા ફોડું..!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## અંધશ્રદ્ધા નહીં, વૈજ્ઞાનિક વિચારસરણી અપનાવવાનો સમય

ભારતના એક જવાબદાર નાગરિક તરીકે હું માનું છું કે કોઈપણ ધર્મ, સંપ્રદાય અથવા વ્યક્તિ કરતાં દેશના બંધારણમાં દર્શાવેલા વૈજ્ઞાનિક મિજાજ, તર્કશક્તિ અને કાયદાના શાસનને પ્રથમ સ્થાન મળવું જોઈએ. છેલ્લા કેટલાક વર્ષોમાં દેશભરમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો અને કથાઓ દરમિયાન ચમત્કારિક દાવાઓ, દિવ્ય શક્તિઓના પ્રદર્શન અને લોકોની સમસ્યાઓના અલૌકિક ઉકેલોના દાવાઓ ચર્ચાનો વિષય બન્યા છે.

ધાર્મિક આસ્થા દરેક વ્યક્તિનો બંધારણીય અધિકાર છે, પરંતુ આસ્થાના નામે અંધશ્રદ્ધા, ભ્રમ કે વૈજ્ઞાનિક તથ્યોને અવગણવાની પ્રેરણા આપવી સમાજ માટે ચિંતાનો વિષય છે. કોઈપણ વ્યક્તિ દ્વારા જો આરોગ્ય સંબંધિત ઉપચાર, રોગમુક્તિ અથવા ચમત્કારિક સારવારના દાવા કરવામાં આવે, તો તે બાબતે સંબંધિત કાયદાઓ અને તબીબી નિયમોનું પાલન થવું જરૂરી છે. લોકોના આરોગ્ય સાથે જોડાયેલી બાબતોમાં માત્ર પ્રમાણિત તબીબી વ્યવસ્થા પર જ વિશ્વાસ રાખવો જોઈએ.

તાજેતરમાં કેટલાક ધાર્મિક કાર્યક્રમોને લઈને સમાજમાં ચર્ચા અને વિવાદો ઉભા થયા છે. આવા પ્રસંગોએ નાગરિકો, સામાજિક આગેવાનો અને જાહેર પ્રતિનિધિઓએ લાગણીના આધારે નહીં પરંતુ તથ્યો અને કાયદાના આધારે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવો જોઈએ. કોઈપણ વ્યક્તિ, સંસ્થા અથવા ધાર્મિક નેતા કાયદાથી ઉપર નથી.

આપણે સૌએ યાદ રાખવું જોઈએ કે ઈંધણ બચાવવું, પર્યાવરણનું રક્ષણ કરવું, વૈજ્ઞાનિક વિચારસરણી અપનાવવી અને સમાજમાં તર્કસંગત ચર્ચાને પ્રોત્સાહન આપવું દરેક નાગરિકની પ્રાથમિક ફરજ છે. અંધ અનુસરણ કરતાં પ્રશ્ન પૂછવાની અને પુરાવાની માંગ કરવાની સંસ્કૃતિ જ લોકશાહી અને પ્રગતિશીલ સમાજની ઓળખ છે.

હું રાજ્ય સરકાર, પોલીસ તંત્ર અને સ્થાનિક વહીવટીતંત્રને વિનંતી કરું છું કે કોઈપણ જાહેર કાર્યક્રમ માટે મંજૂરી આપતા પહેલા કાયદાકીય શરતોનું કડક પાલન સુનિશ્ચિત કરે. જો કોઈ કાર્યક્રમ દરમિયાન ભ્રામક દાવાઓ, જાહેર શાંતિને અસર કરતી પ્રવૃત્તિઓ અથવા કાયદાનો ભંગ થતો હોય તો તેની નિષ્પક્ષ તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ.

સમાજના તમામ જાગૃત નાગરિકો, શિક્ષકો, યુવાનો અને વિજ્ઞાનપ્રેમીઓને અપીલ છે કે તેઓ વૈજ્ઞાનિક મિજાજ, માનવતા અને બંધારણીય મૂલ્યોના સમર્થનમાં અવાજ ઉઠાવે અને અંધશ્રદ્ધા સામે જાગૃતિ ફેલાવવામાં પોતાનો યોગદાન આપે.

એક જવાબદાર ભારતીય નાગરિક

**સુરત -આશિષ ટેલર**

## ક્રિકેટર રવિ શાસ્ત્રી

વેસ્ટ ઈન્ડીઝના દિગ્ગજ બેટ્સમેન સર ગારફિલ્ડ સોબર્સની એક ઓવરમાં છ સિક્સર ફટકારવાના વિક્રમની બરાબરી કરનારા,1985માં ઓસ્ટ્રેલિયામાં રમાયેલી ચૅમ્પિયન ટ્રોફીમાં ચૅમ્પિયન બની ઈનામમાં ઓડી કાર મેળવનારા,ભારતીય ક્રિકેટ ટીમની મધ્ય હરોળના કરોડરજ્જુ સમાન આધારભૂત ભારતીય ઓલ રાઉન્ડર ક્રિકેટર રવિ શાસ્ત્રીનો જન્મ 27/5/1962ના રોજ થયો હતો. રવિ શાસ્ત્રી ભારતીય ક્રિકેટ ટીમમાં ક્રિકેટર ઉપરાંત કોચ,મેનેજર રહી ચૂક્યા છે.ભારતીય ટેસ્ટ ક્રિકેટ ટીમના 151માં ખેલાડી રવિ શાસ્ત્રી પહેલી ટેસ્ટ 21/2/1981ના રોજ ન્યૂઝીલેન્ડ સામે રમ્યા હતા.કુલ 80 ટેસ્ટ રમી 35.70 ની એવરેજ સાથે 11સદીઓ સાથે 3830 રન કર્યા છે.150 વન ડે મેચમાં કેપ નંબર 36 4 શતક ફટકારી 29 ના રનરેટ સાથે 3108 રન કર્યાં છે.40ના રનરેટ સાથે 151 ટેસ્ટ વિકેટ્સ અને વન ડે મેચમાં 36 રનની સરેરાશ સાથે 109 વિકેટ લીધી છે.સરેરાશ કરતા વધારે ઊંચાઈ અને ઊંચા સ્ટેનસના કારણે ઝડપી બોલરો સામે રમવામાં રવિ શાસ્ત્રીને તકલીફ પડતી હતી.ભારતીય ક્રિકેટની પ્રગતિ માટે તેઓ ક્રિકેટરો માટે ઘણા નસીબવંતા અને પ્રોત્સાહક રહ્યાં છે.

**સુરત -સુરેન્દ્ર દલાલ**

## રાજકારણ,સેવા કે છબી નિર્માણ

સુરતના નવ નિયુક્ત મેયર માયા માવાણીયાએ બુકેના બદલે પુસ્તકો, નોટબુક, પેન અને સાડીઓ સ્વીકારવાની અપીલ કરી છે. પ્રથમ નજરે આ પહેલ શિક્ષણ અને સામાજિક કલ્યાણને પ્રોત્સાહન આપતી સકારાત્મક પહેલ તરીકે દેખાય છે. જોકે, આ પ્રસંગ કેટલાક મહત્વપૂર્ણ પ્રશ્નો પણ ઉભા કરે છે. એક તરફ શિક્ષણસામગ્રી વહેંચવાનો સંદેશ આપવામાં આવે છે, તો બીજી તરફ આપણા રાજકારણમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓની શૈક્ષણિક લાયકાત, જાહેર નીતિ સમજ અને વહીવટી ક્ષમતાને લઈને ચર્ચા પણ જરૂરી બને છે. પ્રશ્ન એ નથી કે કોઈ વ્યક્તિ ઊંચું ઔપચારિક શિક્ષણ ધરાવે છે કે નહીં; પ્રશ્ન એ છે કે શિક્ષણના મહત્વ વિશે આપવામાં આવતા સંદેશ અને જાહેર જીવનમાં અપનાવવામાં આવતી પ્રાથમિકતાઓ વચ્ચે કેટલો સુમેળ છે. તે ઉપરાંત, કોઈપણ પ્રતીકાત્મક પહેલ સાથે પારદર્શિતા પણ એટલી જ જરૂરી છે. કેટલી સામગ્રી મળી, કોણે આપી, તેની કિંમત કેટલી હતી, ક્યાં અને કોને વિતરણ કરવામાં આવી, અને તેનો જાહેર હિસાબ ઉપલબ્ધ રહેશે કે નહીં – આવા પ્રશ્નોના સ્પષ્ટ જવાબ લોકશાહી વ્યવસ્થામાં અનિવાર્ય ગણાય. અન્યથા, સારા આશયવાળા પ્રતીકો પણ માત્ર છબી નિર્માણના સાધન તરીકે જોવામાં આવી શકે.

રાજકારણમાં પ્રતીકો, સંદેશાઓ અને જાહેર અભિયાનોનું પોતાનું મહત્વ છે, પરંતુ તેની સાચી કસોટી લાંબા ગાળાના પરિણામોમાં થાય છે. તેથી હાલ આ પહેલ અંગે અંતિમ નિષ્કર્ષ પર પહોંચવા કરતાં એ જોવું વધુ મહત્વનું રહેશે કે ભવિષ્યમાં આવા કાર્યોનો અમલ કેટલી પારદર્શિતા, જવાબદારી અને અસરકારકતાથી થાય છે.

**સુરત -નિલેશ ચૌહાણ**

## ધીરજ પણ ધ્યાનનું એક સ્વરૂપ છે.

પ્રકૃતિનો એક અચૂક નિયમ છે દરેક સારી વસ્તુને સમય લાગે છે. એક નાનકડા બીજને વૃક્ષ બનવામાં સમય લાગે છે, ઘણા લોકો ધ્યાનને માત્ર આંખો બંધ કરીને બેસવાની ક્રિયા માને છે. પરંતુ ધ્યાનનો સાચો અર્થ છે મનને સ્થિર રાખવું. જ્યારે પરિસ્થિતિઓ આપણા મન મુજબ ન હોય, જ્યારે પરિણામો મોડા મળી રહ્યા હોય, જ્યારે સંઘર્ષ લાંબો ચાલે અને છતાં આપણું મન શાંત રહે, ત્યારે તે પણ ધ્યાનનું જ એક સ્વરૂપ છે. ધીરજ માત્ર રાહ જોવાનું નામ નથી. ધીરજ એ એવી શક્તિ છે જે રાહ જોતી વખતે આપણને તૂટી પડવાથી બચાવે છે. તે એવો વિશ્વાસ છે જે કહે છે કે આજે ભલે માર્ગ મુશ્કેલ હોય, પરંતુ કરેલા પ્રયત્નો ક્યારેય વ્યર્થ નથી જતા. જીવનમાં ઘણા એવા પ્રસંગો આવે છે જ્યાં આપણા જ્ઞાનની નહીં, પરંતુ આપણા ધીરજની પરીક્ષા થાય છે. ઘણા લોકો પોતાના લક્ષ્યની નજીક પહોંચીને માત્ર એટલા માટે હારી જાય છે કે તેઓ થોડો વધુ સમય રાહ જોઈ શકતા નથી. જ્યારે કેટલાક લોકો શાંત મનથી સતત પ્રયત્નો કરતા રહે છે અને અંતે સફળતા તેમના પગ ચૂમે છે. ધીરજ આપણને વર્તમાનમાં જીવવાનું શીખવે છે. તે મનની અશાંતિ ઘટાડે છે અને પરિસ્થિતિઓને સ્પષ્ટ રીતે જોવાની શક્તિ આપે છે. જે વ્યક્તિએ ધીરજ શીખી લીધી, તેણે જીવનની સૌથી મોટી કળાઓમાંની એક કળા શીખી લીધી. તેથી જ્યારે જીવન તમારી ઈચ્છા મુજબ ન ચાલે, ત્યારે ગભરાશો નહીં. તમારા પ્રયત્નો ચાલુ રાખો, પોતાની ઉપર વિશ્વાસ રાખો અને ધીરજને તમારો સાથી બનાવો. કારણ કે ઘણીવાર શાંતિથી યોગ્ય સમયની રાહ જોવી એ જ સૌથી ઊંડું ધ્યાન હોય છે.

**સુરત -પવનકુમાર વિશ્વકર્મા**